# ગૂજરાત વિદ્યાપીઠ

## આશ્રમ માર્ગ, અમદાવાદ

યુવા BHARTI

સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટ્ય અને લલિતકલાની અભિવ્યક્તિનો અનેરો ઉત્સવ

**29 અને 30 સપ્ટેમ્બર, 2025**

# વિવિધ સ્પર્ધાઓના નીતિ – નિયમો

**સંકલન:**

**માહિતી, પ્રત્યાયન અને પ્રોદ્યોગીકી વિદ્યાશાખા**

**અને**

**વિદ્યાર્થી રમતગમત, સાંસ્કૃતિક અને કલ્યાણ શાખા**

# તમામ સ્પર્ધાઓની સંક્ષિપ્ત માહિતી

| નંબર. | સ્પર્ધાઓ | સહભાગીની સંખ્યા | સાથીઓની સંખ્યા | કુલ | ન્યૂનતમ સમય | મહત્તમ સમય |
|---|---|---|---|---|---|---|
| **સંગીત** | | | | | | |
| 1. | શાસ્ત્રીય ગાયન–વ્યક્તિગત (હિન્દુસ્તાની/ કર્ણાટક) | 1 | 2 | 3 | 6 Min. | 10 Min. |
| 2. | શાસ્ત્રીય વાદન–વ્યક્તિગત (તાલ વાદ્ય) | 1 | 2 | 3 | 6 Min. | 10 Min. |
| 3. | શાસ્ત્રીય વાદન –વ્યક્તિગત (સ્વર વાદ્ય) | 1 | 2 | 3 | 6 Min. | 10 Min. |
| 4. | હળવું કંઠ્ય સંગીત/ગાયન (ભારતીય) | 1 | 2 | 3 | 4 Min. | 6 Min. |
| 5. | પાશ્ચાત્ય કંઠ્ય સંગીત/ગાયન (વ્યક્તિગત) | 1 | 2 | 3 | 4 Min. | 6 Min. |
| 6. | સમૂહ ગીત (ભારતીય) | 6 | 3 | 9 | 8 Min. | 10 Min. |
| 7. | સમૂહ ગીત (પાશ્ચાત્ય) | 6 | 3 | 9 | 8 Min. | 10 Min. |
| 8. | લોક સંગીત (ઓર્કેસ્ટ્રા) | 9 | 3 | 12 | 8 Min. | 10 Min. |
| 9. | પાશ્ચાત્ય વાદન – વ્યક્તિગત | 1 | 2 | 3 | 6 Min. | 8 Min. |
| **નૃત્ય** | | | | | | |
| 10. | લોક/આદિવાસી નૃત્ય | 10 | 5 | 15 | 8 Min. | 10 Min. |
| 11. | શાસ્ત્રીય નૃત્ય (ભારતીય) | 1 | 3 | 4 | 12 Min. | 15 Min. |
| **સાહિત્યિક કાર્યક્રમો** | | | | | | |
| 12. | ક્વિઝ | 3 | 0 | 3 | - | - |
| 13. | વક્તૃત્વ | 1 | 0 | 1 | 4 Min. | 5 Min. |
| 14. | વાદ-વિવાદ | 2 | 0 | 2 | 4 Min. | 5 Min. |
| 15. | શીઘ્ર વક્તૃત્વ | 1 | 0 | 1 | 4 Min. | 5 Min. |
| 16. | પાદ-પૂર્તિ** | 1 | 0 | 1 | 40 Min. | 45 Min. |
| 17. | કાવ્ય પઠન | 1 | 0 | 1 | 4 Min. | 5 Min. |
| 18. | નિબંધ લેખન** | 1 | 0 | 1 | 50 Min. | 60 Min. |
| **નાટ્યકલા/ રંગભૂમિ** | | | | | | |
| 19. | એકાંકી | 9 | 3 | 12 | 25 Min. | 30 Min. |
| 20. | સ્કિટ | 6 | 3 | 9 | 8 Min. | 10 Min. |
| 21. | માઇમ | 6 | 2 | 8 | 4 Min. | 5 Min. |
| 22. | મિમિક્રી | 1 | 0 | 1 | 4 Min. | 5 Min. |
| **લલિત કલા** | | | | | | |
| 23. | શીઘ્ર ચિત્રકલા/પેઈન્ટીંગ** | 1 | 0 | 1 | 2 Hrs. | 2.5 Hrs. |
| 24. | કોલાજ** | 1 | 0 | 1 | 2 Hrs. | 2.5 Hrs. |
| 25. | પોસ્ટર** | 1 | 0 | 1 | 2 Hrs. | 2.5 Hrs. |
| 26. | માટીકળા** | 1 | 0 | 1 | 2 Hrs. | 2.5 Hrs. |
| 27. | કાર્ટૂનિંગ** | 1 | 0 | 1 | 2 Hrs. | 2.5 Hrs. |
| 28. | રંગોળી** | 1 | 0 | 1 | 2 Hrs. | 2.5 Hrs. |
| 29. | શીઘ્ર ફોટોગ્રાફી** | 1 | 0 | 1 | 2 Hrs. | 2.5 Hrs. |
| 30. | ઇન્સ્ટોલેશન** | 4 | 0 | 4 | 2 Hrs. | 2.5 Hrs. |
| 31. | મહેંદી** | 1 | 1 | 2 | 2 Hrs. | 2.5 Hrs. |
| 32. | ખાદી દિપ્તી** | 1 | 0 | 1 | - | - |
| 33. | સૂતરમાળા/આંટી સુશોભન** | 1 | 0 | 1 | 50 Min. | 60 Min. |

** આ સ્પર્ધાઓ માટે વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. તેમાં રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ ગૂજરાત વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

# વિવિધ સ્પર્ધાઓના નીતિ - નિયમો

**સામાન્ય સૂચનાઓ**

- યુવા-ભારતીની દરેક સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ ERP સિસ્ટમ દ્વારા 8 થી 18 સપ્ટેમ્બર, 2025 સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
- **યુવા-ભારતી-2025** નો વિષય-વસ્તુ "**સ્વદેશી**" રહેશે જેથી દરેક વિદ્યાર્થીઓએ આ વિષય-વસ્તુને ધ્યાનમાં રાખીને જુદી-જુદી સ્પર્ધામાં ભાગીદારી નોંધાવવી.
- દરેક વિભાગ/વિદ્યાશાખાએ પોતાની કક્ષાએ સ્પર્ધાઓ યોજી વિદ્યાર્થીઓની પસંદગી કરી લેવી.
- વિદ્યાર્થી મહત્તમ કોઈપણ 3 સ્પર્ધામાં ભાગ લઇ શકશે.
- લલિત કલા વિભાગની તમામ સ્પર્ધાઓ તેમજ સાહિત્યિક વિભાગની પાદપૂર્તિ અને નિબંધ લેખન સ્પર્ધાઓ માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. તેમાં રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ ગૂજરાત વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.
- સહભાગીઓને વિવિધ સ્પર્ધાઓ માટેના નીતિ નિયમોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી લેવો.
- વિવિધ કાર્યક્રમો માટે નિમાયેલા નિર્ણાયકોનો નિર્ણય અંતિમ રહેશે. સૌ કોઈ પાસે અપેક્ષા છે કે તેમના નિર્ણયને માન આપવામાં આવશે.
- જો કોઈ ટુકડીના સભ્યોમાં બદલાવ હોય તો તેઓએ તારીખ 22મી સપ્ટેમ્બર 2025 સુધીમાં ERP પદ્ધતિમાં ફેરફાર કરાવી લેવો. ત્યારબાદ કોઈપણ ફેરફાર થઈ શકશે નહી.

# સંગીત

## 1) શાસ્ત્રીય ગાયન – વ્યક્તિગત (હિન્દુસ્તાની/કર્ણાટક)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) રજૂઆતનો સમયગાળો 8-10 મિનિટ વચ્ચેનો હોવો જોઈએ.
(3) સ્ટેજ/વાદ્ય/સાધનો સેટિંગ માટેનો સમય મહત્તમ 5 મિનિટ છે. સાથીદારોની મહત્તમ સંખ્યા 2 છે.
(4) રજૂઆત હિન્દુસ્તાની અથવા કર્ણાટક શૈલીમાં કરી શકાશે.
(5) સિનેમાના ગીતોને મંજૂરી નથી.
(6) રાગ અને રચનાની પસંદગીમાં પૂરતો વિચાર અને કાળજી રાખવી જરૂરી છે.
(7) તાલ, રાગની પસંદગી, રચના, આલાપ, તાન, લયકારી અને સામાન્ય છાપ જેવા ગુણો પર આધારિત નિર્ણય લેવામાં આવશે.
(8) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 2) શાસ્ત્રીય વાદન – વ્યક્તિગત (તાલ વાદ્ય)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) રજૂઆતનો સમયગાળો 8-10 મિનિટ વચ્ચેનો હોવો જોઈએ.
(3) સ્ટેજ/વાદ્ય/સાધનો સેટિંગ માટેનો સમય મહત્તમ 5 મિનિટ છે.
(4) સાથીઓની મહત્તમ સંખ્યા 2 છે.
(5) સહભાગીઓએ તેમના પોતાના સાધનો લાવવાના રહેશે.
(6) રજૂઆત હિન્દુસ્તાની અથવા કર્ણાટક શૈલીમાં કરી શકાશે.
(7) તાલ, રાગની પસંદગી, રચના, કાયદા, રેલા, ટુકડા, લયકારી અને સામાન્ય છાપ જેવા ગુણો પર નિર્ણય લેવામાં આવશે.
(8) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 3) શાસ્ત્રીય વાદન – વ્યક્તિગત (સ્વર વાદ્ય)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) રજૂઆતનો સમયગાળો 8-10 મિનિટ વચ્ચેનો હોવો જોઈએ.
(3) સ્ટેજ/વાદ્ય/સાધનો સેટિંગ માટેનો સમય મહત્તમ 5 મિનિટ છે.
(4) સાથીઓની મહત્તમ સંખ્યા 2 છે.
(5) સહભાગીઓએ તેમના પોતાના સાધનો લાવવાના રહેશે. Casioને મંજૂરી નથી.
(6) ભારતીય રાગ પદ્ધતિ દ્વારા અપનાવવામાં આવેલા પાશ્ચાત્ય મૂળના વાદ્યોને મંજૂરી છે.
(7) રજૂઆત હિન્દુસ્તાની અથવા કર્ણાટક શૈલીમાં કરી શકાશે.
(8) સ્વર, તાલ, રાગની પસંદગી, રાગ વિસ્તરણ, આલાપ, તાન, લયકારી રચના અને સામાન્ય છાપ જેવા ગુણો પર નિર્ણય લેવામાં આવશે.
(9) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 4) હળવું કંઠ્ય સંગીત/ ગાયન (ભારતીય)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) ગીતનો સમયગાળો 4 થી 6 મિનિટનો હોવો જોઈએ.
(3) સ્ટેજ/વાદ્ય/સાધનો સેટિંગ માટેનો સમય 2 મિનિટથી વધુ ન હોવો જોઈએ.
(4) સાથીઓની સંખ્યા 2 થી વધુ ન હોવી જોઈએ.
(5) માત્ર બિન-ફિલ્મી ગીતો/ગીત/ગઝલ/ભજન/શબદ અને અભંગ રજૂ કરી શકાશે.
(6) સ્વર, તાલ, રાગની પસંદગી, ગીતની પસંદગી, સૌંદર્ય શાસ્ત્ર, ઉચ્ચાર, અભિવ્યક્તિ, રચના અને સામાન્ય છાપ જેવા ગુણો પર નિર્ણય કરવામાં આવશે.
(7) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 5) પાશ્ચાત્ય કંઠ્ય સંગીત/ગાયન (વ્યક્તિગત)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) ગીતનો સમયગાળો 4 થી 6 મિનિટનો રહેશે.
(3) સ્ટેજ/વાદ્ય/સાધનો સેટિંગ માટેનો સમય 2 મિનિટથી વધુ ન હોવો જોઈએ.
(4) સાથીઓની સંખ્યા 2 થી વધુ ન હોવી જોઈએ.
(5) ગીતની ભાષા માત્ર અંગ્રેજી જ હોવી જોઈએ.
(6) રચના, લય, સંકલન અને સામાન્ય છાપ જેવા ગુણો પર નિર્ણય કરવામાં આવશે.
(7) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 6) સમૂહ ગીત (ભારતીય)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) એક ટીમે બે ગીતો રજૂ કરવાના છે, એક દેશભક્તિ અને બીજું લોકગીત હશે.
(3) એક જૂથમાં વધુમાં વધુ 6 ગાયકો અને વાદ્યો વગાડનારાઓની સંખ્યા 3 હોવી જોઈએ.
(4) સમૂહ ગીતો ભારતીય ગીતોમાંથી લેવાયેલા હોવા જોઈએ જે પ્રાદેશિક ભાષામાં હોઈ શકે.
(5) કોઈપણ ફિલ્મી ગીતને સમૂહ ગીત તરીકે રજૂ કરવું નહીં.
(6) રજૂઆતની અવધિ 8-10 મિનિટની વચ્ચે હોવી જોઈએ. સેટિંગનો સમય 4 મિનિટથી વધુ ન હોવો જોઈએ.
(7) નિર્ણય ગાયનની ગુણવત્તા, ગીતની પસંદગી, ઉચ્ચારણ, ઠેકા, અને સંકલન પર આધારિત હશે અને ટીમના મેકઅપ, કોસ્ચ્યુમ અને ક્રિયાઓ પર નહીં.
(8) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 7) સમૂહ ગીત (પાશ્ચાત્ય)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) એક જૂથમાં વધુમાં વધુ 6 ગાયકો અને વાદ્યો વગાડનારાઓની સંખ્યા 3 હોવી જોઈએ.
(3) સમૂહ ગીતો અંગ્રેજી ભાષામાં હોવા જોઈએ.
(4) રજૂઆતની અવધિ 8-10 મિનિટની વચ્ચે હોવી જોઈએ.
(5) આમાં સેટિંગ સમયનો સમાવેશ થતો નથી જે 5 મિનિટથી વધુ ન હોવો જોઈએ.
(6) નિર્ણય માત્ર ગાયનની ગુણવત્તાના આધારે હશે અને ટીમના મેકઅપ, કોસ્ચ્યુમ અને ક્રિયાઓ પર નહીં.
(7) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 8) લોક સંગીત - ઓર્કેસ્ટ્રા

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.

(2) ટીમમાં વધુમાં વધુ 12 સહભાગીઓ (9 સહભાગીઓ અને 3 સાથીઓ કરતાં વધુ નહીં)નો સમાવેશ કરવો જોઈએ.

(3) જૂથમાં બધા છોકરાઓ, બધી છોકરીઓ અથવા સંયુક્ત હોઈ શકે છે.

(4) રજૂઆતની અવધિ 8-10 મિનિટની વચ્ચે હોવી જોઈએ.

(5) આમાં સેટિંગ સમયનો સમાવેશ થતો નથી જે 5 મિનિટથી વધુ ન હોવો જોઈએ.

(6) ત્રણ જેટલા વ્યાવસાયિક સાથીઓને મંજૂરી આપવામાં આવશે કે જેઓ વિદ્યાર્થી સહભાગીઓથી અલગ ડ્રેસમાં હોવા જોઈએ જેથી તેઓને સરળતાથી ઓળખી શકાય.

(7) વ્યાવસાયિક સાથીઓ સહભાગીઓથી અલગ બેસશે/ઊભા રહેશે અને ટીમનું નેતૃત્વ કરશે નહીં અને ન્યાયાધીશોને પરિચય આપવાનો રહેશે.

(8) યુનિવર્સિટીની જે રાજ્યમાં છે, તે રાજ્યની લોક-ધૂનને ટીમ પ્રાધાન્ય આપે તે ઇચ્છનીય છે.

(9) ગાયન/નૃત્ય રજૂ કરવું નહીં.

(10) સંગીત- સર્જનની ગુણવત્તા પર નિર્ણય કરવામાં આવશે. મોટાભાગે લોક સંગીતમાં વપરાતા વાદ્યોનો ઉપયોગ કરવો જોઈએ.

(11) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 9) પાશ્ચાત્ય વાદન – વ્યક્તિગત

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.

(2) સહભાગીએ કોઈપણ પર્ક્યુસન અથવા નોન-પર્ક્યુસન વાદ્ય પર પાશ્ચાત્ય સંગીત વગાડવાનું રહેશે.

(3) રજૂઆતની અવધિ ન્યૂનતમ 6 અને મહત્તમ 8 મિનિટ છે.

(4) વધુમાં વધુ 2 સાથીઓને મંજૂરી છે.

(5) સહભાગીએ કોઈપણ એક શૈલી પર પરફોર્મ કરવું અથવા પાશ્ચાત્ય સંગીતની વિવિધ શૈલીઓનું મિશ્રણ કરવું.

(6) દરેક સહભાગીને ત્રણ મિનિટ સેટિંગ ટાઈમ આપવામાં આવશે.

(7) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

# નૃત્ય

## 10) લોક/આદિજાતિ નૃત્ય

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.

(2) ટીમ દીઠ વધુમાં વધુ 10 સહભાગીઓ હોવા જોઈએ. ટીમમાં બધા છોકરાઓ, બધી છોકરીઓ અથવા બંનેનું મિશ્રણ હોઈ શકે છે.

(3) સાથીઓની સંખ્યા મહત્તમ પાંચ છે.

(4) નૃત્ય આદિમ અથવા લોકનૃત્ય (ભારતીય શૈલી) હોઈ શકે પરંતુ શાસ્ત્રીય નૃત્ય હોઈ શકે નહીં.

(5) રજૂઆતની અવધિ ન્યૂનતમ 8 અને મહત્તમ 10 મિનિટ છે.

(6) સ્ટેજ/વાદ્ય/સાધનો સેટિંગ માટેનો સમય મહત્તમ 5 મિનિટ છે.

(7) ગીતનો વિષય અને શબ્દો દર્શાવતી સંક્ષિપ્ત નોંધની ત્રણ નકલો સબમિટ કરવાની રહેશે.

(8) ભાગ લેનારી ટીમ તેમની કામગીરી પૂર્ણ થયા પછી તરત જ તેમના સાધનો વગેરેને દૂર કરવા માટે જવાબદાર રહેશે.

(9) નૃત્ય દરમિયાન રેકોર્ડ કરેલ સંગીત અથવા ઓડિયો/સીડીની પરવાનગી નથી.

(10) લય, રચના, અભિવ્યક્તિ, પોષાક, મેક-અપ અને સેટના આધારે નિર્ણય લેવામાં આવશે.

(11) નૃત્યની ગુણવત્તા પર ગુણ આપવામાં આવશે. સેટ ડિઝાઇન અને લાઇટિંગ ઇફેક્ટ વગેરેને ગુણાંકન માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(12) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

## 11) શાસ્ત્રીય નૃત્ય (ભારતીય)

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.

(2) શાસ્ત્રીય નૃત્ય કથક, કથકલી, ભરત નાટ્યમ, મણિપુરી, કુચીપુડી, મોહિનીત્તમ, ઓડિસી, વગેરે નૃત્યની કોઈપણ માન્ય શાળાઓમાંથી હોઈ શકે છે.

(3) સહભાગીઓને તૈયારી માટેના સમય સહિત 15 મિનિટ સુધીની છૂટ આપવામાં આવશે. વધુમાં વધુ ત્રણ સાથીઓ અનુમતિપાત્ર છે.

(4) રજૂઆતનો સમયગાળો ન્યૂનતમ 12 અને મહત્તમ 15 મિનિટ છે.

(5) નૃત્ય દરમિયાન રેકોર્ડ કરેલ સંગીત અથવા ઓડિયો/સીડીની પરવાનગી નથી.

(6) તાલ, ટેકનીક, લય, અભિનય અથવા અભિવ્યક્તિ, પોશાક, ફૂટવર્ક અને સામાન્ય છાપ વગેરે જેવા ગુણો પર નિર્ણયનો આધાર રહેશે.

(7) નૃત્ય વિષેની સંક્ષિપ્ત નોંધની ત્રણ નકલો ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં સબમિટ કરવાની રહેશે.

(8) સાથીદારોએ જીવંત રજૂઆત કરવાની રહેશે. રેકોર્ડેડ સંગીતને મંજૂરી નથી.

# સાહિત્યિક કાર્યક્રમો

## 12) ક્વિઝ

(1) વિદ્યાશાખા દીઠ એક ટીમ (3 સભ્યો)ને મંજૂરી છે.

(2) મૂલ્યાંકન પ્રક્રિયા અંગેના ચોક્કસ નિયમો, ચોક્કસ જવાબ આપવાનો સમય અને રાઉન્ડનો પ્રકાર સ્પર્ધાની શરૂઆત પહેલા જણાવવામાં આવશે.

## 13) વક્તૃત્વ

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી હશે.
(3) દરેક વક્તાએ ઓછામાં ઓછી 4 મિનિટ અને વધુમાં વધુ 5 મિનિટ બોલવાનું રહેશે.
(4) વક્તૃત્વનો વિષય 24 કલાક અગાઉ જાહેર કરવામાં આવશે.
(5) રજૂઆતનું મૂલ્યાંકન એક ભાષામાં કરવામાં આવશે.
(6) રજૂઆતમાં ગદ્ય અથવા કવિતા હોવી જોઈએ અને ગીત નહીં.
(7) કાગળ/અન્ય કોઈપણ સ્રોતમાંથી વાંચન કરવાની સખ્ત મનાઈ છે.

## 14) વાદ-વિવાદ

(1) દરેક વિદ્યાશાખાનું પ્રતિનિધિત્વ બે સહભાગીઓ (ડિબેટર્સ) દ્વારા કરવામાં આવશે, એક તરફેણમાં બોલશે, જ્યારે બીજો વિરુદ્ધમાં બોલશે.
(2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી હશે.
(3) ચર્ચાનો વિષય 24 કલાક અગાઉ જાહેર કરવામાં આવશે.
(4) દરેક ડિબેટરે ઓછામાં ઓછી 4 મિનિટ અને વધુમાં વધુ 5 મિનિટ બોલવાનું રહેશે.
(5) કાગળ/અન્ય કોઈપણ સ્રોતમાંથી વાંચન કરવાની સખ્ત મનાઈ છે.

## 15) શીઘ્ર વક્તૃત્વ

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી હશે.
(3) વક્તૃત્વનો વિષય સ્થળ પર જ આપવામાં આવશે.
(4) દરેક વક્તાએ ઓછામાં ઓછી 4 મિનિટ અને વધુમાં વધુ 5 મિનિટ બોલવાનું રહેશે.
(5) કાગળ/અન્ય કોઈપણ સ્રોતમાંથી વાંચન સખત રીતે અનુમતિપાત્ર નથી.

## 16) પાદ-પૂર્તિ

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.
(2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી હશે.
(3) કવિતાની શરૂઆતની (1/2 પંક્તિ) પ્રતિભાગીઓને સ્થળ પર જ આપવામાં આવશે.
(4) મહત્તમ સમય મર્યાદા 45 મિનિટ છે.
(5) રજૂઆતનું મૂલ્યાંકન એક ભાષામાં કરવામાં આવશે.

## 17) કાવ્ય પઠન

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી હશે.
(3) સમય મર્યાદા 4 થી 5 મિનિટ છે.
(4) સહભાગી પોતે અથવા અન્ય કવિઓએ લખેલી કવિતાનું પઠન કરી શકે છે. (પ્રતિભાગીએ શરૂઆતમાં કવિતાના કવિનું નામ જાહેર કરવું આવશ્યક છે.)

## 18) નિબંધ લેખન

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.
(2) અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી હશે.
(3) સમય મર્યાદા 60 મિનિટ છે.
(4) નિબંધનો વિષય સ્થળ પર જ આપવામાં આવશે.
(5) નિબંધનું મૂલ્યાંકન એક ભાષામાં કરવામાં આવશે.

# નાટ્યકલા/ રંગભૂમિ

## 19) એકાંકી

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.
(2) નાટકનો સમયગાળો 25-30 મિનિટની વચ્ચે હોવો જોઈએ.
(3) સિગ્નલ આપવામાં આવે અથવા ટીમ પરિચય આપવાનું શરૂ કરે (જે પણ વહેલું હોય) કે તરત જ સમયની ગણતરી કરવામાં આવશે. રજૂઆત પછી સ્ટેજ તુરંત ખાલી કરવું. સ્ટેજ સેટિંગ, વગેરે માટે સ્ટેજનો ચાર્જ લીધા પછી 10 મિનિટ સુધીનો સમય આપવામાં આવશે.
(4) સહભાગીઓની સંખ્યા 9 થી વધુ ન હોવી જોઈએ અને સથીઓની મહત્તમ સંખ્યા ત્રણથી વધુ ન હોવી જોઈએ. ભાગ લેનારી ટીમે તેમની પોતાની સેટ/સ્ટેજ પ્રોપર્ટી, મેક-અપ મટિરિયલ વગેરે લાવવાનું રહેશે. સામાન્ય ફર્નિચર અને લાઇટ પૂરા પાડવામાં આવશે.
(5) સહભાગી હિન્દી, અંગ્રેજી અથવા ભારતની કોઈપણ પ્રાદેશિક ભાષામાં વાત કરી શકશે. જો ભાષા પ્રાદેશિક હોય, તો નાટકનો સારાંશ અંગ્રેજી અથવા હિન્દીમાં સબમિટ કરવાનો રહેશે.
(6) ભાગ લેનારી ટીમે નાટકની રજૂઆતના ઓછામાં ઓછા બે કલાક પહેલાં હાજર થઈ જવાનું રહેશે.
(7) નિર્ણય મોટે ભાગે નાટકના ગુણો જેમ કે થીમ, અભિનય, સ્ટેજ ક્રાફ્ટ, ડિઝાઇન અને સામાન્ય છાપ, વગેરે પર આધારિત હશે.

(8) નિર્ણાયકની પેનલનો નિર્ણય અંતિમ અને સૌને બંધનકર્તા રહેશે.

(9) સાથીઓ કાં તો પૃષ્ઠભૂમિમાંથી બોલશે અથવા સંગીત આપશે. તેઓ સ્ટેજ પર દેખાશે નહીં.

## 20) સ્કિટ

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.

(2) મહત્તમ 6 સહભાગીઓને ભાગ લેવાની મંજૂરી છે.

(3) સ્કીટનો સમયગાળો 8-10 મિનિટની વચ્ચેનો રહેશે.

(4) મેક-અપ, ડ્રેપરી અને પૃષ્ઠભૂમિ સંગીતનો ઉપયોગ કરવાની મંજૂરી છે. કોઈ અંગત ટીપ્પણી, અભિપ્રાય, ચારિત્ર્ય હનન, વગેરેની મંજૂરી નથી.

(5) ભાગ લેનાર ટીમે સ્કીટની થીમના સારાંશની ત્રણ નકલો સબમિટ કરવાની રહેશે.

(6) સ્કિટનું મૂલ્યાંકન થીમ, અભિનય, સ્ટેજ ક્રાફ્ટ, ડિઝાઇન અને સામાન્ય છાપ જેવા ગુણો પર કરવામાં આવશે. રજૂઆતમાં અશ્લીલતા કે કડવી વાતો ટાળવી. માત્ર નિર્દોષ વ્યંગ કે રમૂજની અપેક્ષા છે.

## 21) માઇમ

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.

(2) મહત્તમ 6 સહભાગીઓને ભાગ લેવાની મંજૂરી છે.

(3) નિર્ણય મોટે ભાગે વિચાર, પ્રસ્તુતિની સર્જનાત્મકતા, મેક-અપ, સંગીત અને સામાન્ય છાપ જેવા ગુણો પર આધારિત હશે.

(4) રજૂઆતની અવધિ 4-5 મિનિટની વચ્ચે હોવી જોઈએ.

## 22) મિમિક્રી

(1) વિદ્યાશાખા દીઠ વધુમાં વધુ 3 એન્ટ્રીની મંજૂરી છે.

(2) રજૂઆતની અવધિ 4-5 મિનિટની વચ્ચે હોવી જોઈએ.

(3) સહભાગીઓ મશીનોના અવાજની નકલ કરી શકે છે અને ફિલ્મી હસ્તીઓ સહિત જાણીતા વ્યક્તિઓ વગેરેના ભાષણોની નકલ કરી શકે છે.

(4) અનુકરણ કૌશલ્ય, અવાજની વિવિધતા અને અવાજોનું અનુકરણ અને પ્રસ્તુતિ પર નિર્ણયનો આધાર રહેશે.

# લલિત કલા

## 23) શીઘ્ર ચિત્રકલા/પેઈન્ટીંગ

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) પ્રતિભાગીઓએ સ્થળ પર આપવામાં આવેલા વિષય પર ચિત્રકામ કરવાનું રહેશે.

(3) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.

(4) પેઇન્ટિંગની સાઈઝ અડધા ઈમ્પીરીયલ સાઈઝના ડ્રોઈંગ પેપરની હશે, એટલે કે 22" x 15".

(5) પેઇન્ટિંગ ઓઇલ, વોટર, પોસ્ટર અથવા પેસ્ટલ રંગોથી કરી શકાશે.

(6) પ્રતિભાગીએ પોતાની સામગ્રી જેવી કે બ્રશ, પેઇન્ટ, વગેરે લાવવાની રહેશે. માત્ર પેપર/શીટ જ સંસ્થા દ્વારા આપવામાં આવશે.

## 24) કોલાજ

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) પ્રતિભાગીઓએ આપેલ વિષય પર સ્થળ પર જ કોલાજ બનાવવાનું રહેશે.

(3) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.

(4) પ્રતિભાગીઓએ પોતાની કાતર, પેસ્ટિંગ અને હરીફાઈ માટે જરૂરી અન્ય સામગ્રી લાવવાની રહેશે.

(5) જૂના સામયિકોમાંથી કોલાજ તૈયાર કરવાનો રહેશે.

(6) સંસ્થા દ્વારા 22" x 15"ની સાઇઝની ડ્રોઈંગ શીટ આવવામાં આવશે.

## 25) પોસ્ટર મેકિંગ

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) પ્રતિભાગીઓએ આપેલ થીમ/વિષય પર સ્થળ પર જ પોસ્ટર બનાવવાનું રહેશે.

(3) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.

(4) સહભાગીઓએ તેમની પોતાની સામગ્રી લાવવાની રહેશે. આયોજકો દ્વારા માત્ર ડ્રોઈંગ પેપર/શીટ 22" x 15" આપવામાં આવશે.

## 26) માટીકળા

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.

(3) વિષય/કદ અને અન્ય ચોક્કસ નિયમો સ્થળ પર જ જાહેર કરવામાં આવશે.

(4) માટી સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવશે.

## 27) કાર્ટૂનિંગ

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.
(2) આપેલ વિષય/વિચાર પર સ્થળ પર જ કામ કરવાનું રહેશે.
(3) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.
(4) સહભાગીઓએ તેમની પોતાની સામગ્રી લાવવાની રહેશે. સંસ્થા દ્વારા માત્ર ડ્રોઈંગ પેપર 22" x 15" આપવામાં આવશે.

## 28) રંગોળી

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.
(2) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.
(3) સહભાગીઓએ તેમની પોતાની સામગ્રી લાવવાની રહેશે. વિવિધ પ્રદેશોમાં આ કળા મંડના, અલ્પના, અલેખાન, કોલમ, રંગોળી, વગેરે રીતે જાણીતી છે. આ માટે અભિવ્યક્તિનું માધ્યમ અને સ્વરૂપ ફ્રી હેન્ડ, ચિત્રાત્મક અને વર્ણનાત્મક હોઈ શકે છે.
(4) માત્ર એક જ માધ્યમનો ઉપયોગ કરવો – ચિરોડીના રંગો, ફૂલની પાંખડીઓ, લાકડાનો વહેર, કઠોળ અથવા ચોખા (ચોંટાડ્યા વિના).
(5) સહભાગીઓએ આયોજકો દ્વારા આપવામાં આવેલી જગ્યામાં રંગોળી તૈયાર કરવાની રહેશે.

## 29) શીઘ્ર ફોટોગ્રાફી

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.
(2) સહભાગીએ પોતાના ડિજિટલ કેમેરા કે મોબાઈલથી ફોટોગ્રાફી કરવાની રહેશે.
(3) સમય મર્યાદા 2:30 કલાકની રહેશે.
(4) ભાગ લેનારે નિર્ણાયકો દ્વારા સ્થળ પર જાહેર કરાયેલ થીમ પર 5 ફોટોગ્રાફ લેવાના રહેશે.
(5) ફોટોગ્રાફ્સના મિશ્રણ, મેચિંગ અથવા મોર્ફિંગની પરવાનગી આપવામાં આવશે નહીં.
(6) ફોટોશોપ જેવા સૉફ્ટવેરનો ઉપયોગ કરી શકાશે નહીં.
(7) આયોજકોને આ ચિત્રોના ઉપયોગના તમામ અધિકારો તેઓને યોગ્ય લાગશે ત્યારે રહેશે.
(8) ડિજિટલ છબીઓનું મૂલ્યાંકન (I) અસર (ii) રચના (III) ટેકનિકલ ગુણવત્તા અને (IV) થીમને અનુરૂપ - આધારે કરવામાં આવે છે.
(9) વધારાની સૂચનાઓ સ્થળ પર જ જાહેર કરવામાં આવશે.

## 30) ઇન્સ્ટોલેશન

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) આ સ્પર્ધામાં ચાર વિદ્યાર્થીઓની ટીમમાં કામ કરવાનું રહેશે.

(3) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.

(4) વિવિધ સામગ્રીને એકઠી કરીને વિવિધતામાં એકતા સાધી સ્થળ પર આપેલ વિષય સંદર્ભે સર્જનાત્મક ગોઠવણી કરવાની રહેશે, જેના માટે ચોક્કસ જગ્યા ફાળવવામાં આવશે.

(5) સામગ્રી/ઉત્પાદનો સહભાગીઓએ જાતે લાવવાના રહેશે.

## 31) મહેંદી

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) મૌલિકતા, સર્જનાત્મકતા, સૌંદર્યલક્ષી સૂઝ સાથે શણગારાત્મક કલાને પ્રાધાન્ય આપવામાં આવશે.

(3) હેન્ડ પ્રિન્ટ, કોઈપણ પ્રકારના મોલ્ડ અને કોઈપણ પ્રકારની સુશોભન સામગ્રીનો ઉપયોગ કરવાની મંજૂરી નથી.

(4) સહભાગીએ પોતાની મહેંદી અને તેના માટે જરૂરી અન્ય સામગ્રી લાવવાની રહેશે.

(5) મહત્તમ સમય 2:30 કલાકનો રહેશે.

(6) મહેંદી ઓછામાં ઓછી છ ઇંચની લંબાઇ સાથે હાથની હથેળીમાં મૂકવાની રહેશે.

(7) સહભાગીએ મોડેલના બંને હાથની હથેળી પર મહેંદી મૂકવાની રહેશે. મોડેલ પણ ગૂજરાત વિદ્યાપીઠના જ વિદ્યાર્થી હોવા જોઈએ.

## 32) ખાદી દીપ્તિ

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) સહભાગીએ નવીન વિચાર અને પેટર્ન સાથે ખાદીના ડિઝાઇનર વસ્ત્રને પ્રદર્શિત કરવાનું રહેશે.

(3) સહભાગીઓ ડમી સ્ટેન્ડ/મેનિક્વિનનો ઉપયોગ કરી શકશે.

(4) ગોઠવણીનો મહત્તમ સમય 60 મિનિટનો રહેશે.

(5) માત્ર શુદ્ધ ખાદીના કપડાંને જ મંજૂરી છે.

(6) નવીન વિચારો, વલણો, પેટર્ન, સર્જનાત્મકતા અને રજૂઆત શૈલીના આધારે નિર્ણય આપવામાં આવશે.

## 33) સૂતરમાળા/આંટી સુશોભન

(1) આ સ્પર્ધા માટે વિભાગ/વિદ્યાશાખા મુજબ વિદ્યાર્થીઓની પસંદગી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરેલ

તમામ વિદ્યાર્થીઓ સીધા જ વિદ્યાપીઠ કક્ષાએ ભાગ લઈ શકશે.

(2) સહભાગીએ એક હાથથી કાંતેલી સૂતરમાળા/આંટીને સુશોભિત કરવાની રહેશે.

(3) સહભાગીઓએ તેમની પોતાની સામગ્રી લાવવાની રહેશે.

(4) મહત્તમ સમય 60 મિનિટનો રહેશે.

(5) નવીન વિચારો અને સર્જનાત્મકતાના આધારે નિર્ણય આપવામાં આવશે.

****************